# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-09-2024** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

- દક્ષિણ ગુજરાતમાં ફરી બારેમેઘ ખાંગા.. નવસારી, તાપી અને વલસાડ જીલ્લાઓમાં વરસાદને કારણે નદીઓના જળસ્તરમાં વધારો
- સુરત અને ભરૂચમાં રેડ એલર્ટ સાથે આવતીકાલથી ચાર દિવસ સુધી રાજયમાં ભારે વરસાદની હવામાન વિભાગની આગાહી
- પુરગ્રસ્ત વડોદરામાં રાહત કામગીરીની સમીક્ષા કરતાં પ્રભારી મંત્રી હર્ષ સંઘવી – સ્થિતિને ઝડપથી સામાન્ય બનાવવા અધિકારીઓ તાકીદ
- સ્ટાઇપેન્ડના મામલે હડતાળ કરી રહેલા નિવાસી અને ઇન્ટર્ન તબીબોને આવતીકાલે સવારે નવ વાગે ફરજ ઉપર હાજર થવા સરકારનું ફરમાન
- રાજ્યને મળી વધુ એક સેમિકંડક્ટર યુનિટની ભેટ - કેન્દ્રીય મંત્રીમંડળે સાણંદમાં કેયન્સ સેમિકોનના પ્લાન્ટની સ્થાપના માટે મંજૂરી આપી

--------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# RAIN- DISTRICT

રાજ્યમાં આજે ફરીથી વરસાદી માહોલ જામ્યો છે. દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ નોંધાયો છે. રાજ્યમાં સવારના છ થી સાંજના છ વાગ્યા સુધી 111 તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. તાપીના સોનગઢમાં 8.58 ઇંચ, વ્યારામાં 8.23, જ્યારે ડાંગના વઘઇમાં 7.64 ઇંચ વરસાદ નોંધાયો છે.

તાપીમાં ભારે વરસાદને પગલે વ્યારાના પાનવાડી ગામેથી પસાર થતો નેશનલ હાઇવે નંબર 53 અને 56 પર પાણી ફરી વળતા સતર્કતાના ભાગરૂપે બંધ કરાયો છે. ડોલવણ તાલુકામાં પંચોલ ગામે આવેલ આશ્રમ શાળામાં ઓલણ નદીના પાણી ભરાતા એનડીઆરએફની ટીમે 200 જેટલા બાળકોને આશ્રમ શાળાના પહેલા માળે સુરક્ષિત ખસેડયા હતા. જિલ્લાના કાટગઢ ગામની સીમમાં પાણી ભરાઈ જતાં હાઇવે બંધ કરાયો હતો. વ્યારામાં આવેલ જનરલ હોસ્પિટલના કેમ્પસમાં પાણી પ્રવેશતા દર્દીઓની સમસ્યા વધી હતી. વાલોડ તાલુકાના બહેજ ગામ નજીક નદીમાં ફસાયેલા બે વ્યક્તિને હેલિકોપ્ટરથી બચાવી લેવાયા હતા. વધુ માહિતી આપી રહ્યા તાપીના અમારા પ્રતિનિધિ નિરવ કંસારા ....

(બાઇટ- તાપી વોઇસ કાસ્ટ)

નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના સરા ગામમાં વરસાદી પાણી ફરી વળતાં પાંચ કલાક સુધી ગામ સંપર્ક વિહોણું રહ્યું હતું. 27 જેટલા રસ્તા બંધ કરવામાં આવ્યા છે. જિલ્લાના સરા અને ખંભાલિયા ગામના નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાતા ૧૩ લોકોને સલામત સ્થળે ખસેડાયા હતા.

ઉપરવાસના ડાંગ તેમજ તાપી જિલ્લામાં ભારે વરસાદને કારણે પૂર્ણા નદીમાં પૂરની સ્થિતી સર્જાઇ છે, દર કલાકે પૂર્ણા નદીના જળ સ્તરમાં વધારો થઈ રહ્યો છે.

સુરત જિલ્લાના મહુવા તાલુકાની ઓલણ નદીમાં પણ પૂર આવતાં મામલતદાર દ્વારા સાયરન વગાડી સ્થાનિકોને સાવચેત કરવામાં આવ્યા હતા. મહુવા તાલુકાના ત્રણ જેટલાં માર્ગો પર પૂરના પાણી ભરાતા માર્ગ બંધ કરાયા.

કચ્છ જિલ્લામાં ભારે વરસાદ બાદ પાણીજન્ય અને મચ્છરજન્ય રોગો ન ફેલાય તે માટે સાવચેતીના ભાગરૂપે આરોગ્ય વિભાગની ૩૫૦થી વધુ ટીમ નાગરિકોની મેડિકલ તપાસ, સર્વેલન્સ સહિતની તબીબી કામગીરીમાં જોડાઈ છે. ગામડાંઓમાં પીવાના પાણીના ટાંકામાં યોગ્ય ક્લોરિનેશન થાય તે બાબતને સુનિશ્ચિત કરવામાં આવી છે. આ ઉપરાંત પાણી સુપર ક્લોરિનેટેડ કર્યા બાદ ઉકાળીને પીવા માટે લોકોને અપીલ કરવામાં આવી છે. પાણી ભરાયેલા ખાડા ખાબોચિયા વાળા વિસ્તારોમાં દવાઓના છંટકાવ પણ કરવામાં આવી રહ્યો છે.

અમદાવાદ શહેરી વિસ્તારમાં સાંજે ધોધમાર વરસાદ વરસ્યો હતો.

ગાંધીનગર શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં ધોધમાર વરસાદ થયાના અહેવાલ છે.

----------

# WEATHER ALERT

હવામાન વિભાગે આગામી ચાર દિવસ દરમિયાન રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે.. હવામાન વિભાગે આવતીકાલે સુરત અને ભરૂચમા રેડ એલર્ટ જાહેર કર્યું છે જ્યારે આણંદ, વડોદરા, નર્મદા સહિતના દક્ષિમ

ગુજરાત અને સૌરાષ્ટ્રના ભાવનગર અને બોટાદમાં ઓરેન્જ્ એલર્ટ જાહેર કર્યું છે.. અમદાવાદ, રાજકોટ સહિતના વિસ્તારોમાં યલો એલર્ટ જાહેર કરાયું છે..

-----

## VADODARA HARSH SANGHVI + CASHDOOLS

અતિભારે વરસાદને કારણે પુરથી પ્રભાવિત વડોદરાના પ્રભારી મંત્રી હર્ષ સંઘવીએ જિલ્લા વહીવટીતંત્રના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક કરી રાહત કામગીરી સમીક્ષા કરી હતી.શ્રી સંઘવીએ સર્વેની કામગીરી પૂરજોશમાં કરાવવા માટે સંબંધિત અધિકારીઓને તાકીદ કરી હતી. આગામી દસ દિવસ સુધી આરોગ્યલક્ષી સર્વેલન્સની કામગીરી કરવામાં આવશે.વડોદરા શહેર અને જિલ્લામાં કુલ મળી ૧૯ હજાર ૯૦૪ વ્યક્તિનું સ્થળાંતર અને ૬ હજાર ૩૩૦ લોકોનો બચાવાયા હતા. મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે વીમાકંપનીઓ સાથે સંકલન સાધીને વીમાની રકમ અસરગ્રસ્તોને ઝડપથી મળે તે માટેની ચર્ચા કરવામાં આવી રહી છે..

(બાઇટ - હર્ષ સંઘવી)

દરમિયાન કચ્છ જિલ્લાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ભારે વરસાદથી અસરગ્રસ્ત લોકોને કુલ ૬ લાખ ૪૭ હજાર ૯૨૦ રકમની કેશડોલ્સ ચૂકવી દેવામાં આવી છે. આ ઉપરાંત ગ્રામ્ય અને શહેરોમાં ૬૭૦ અસરગ્રસ્ત પરિવારોને ૨૧ લાખ ૧૭ હજારની ઘરવખરી સહાય ચૂકવવામાં આવી છે.

૧ હજાર ૨૭૨ પશુ મૃત્યુના કેસમાં અત્યાર સુધી ૪૨૩ પશુઓ માટે ૧૭ લાખ રૂપિયાથી વધુની સહાય ચુકવી દેવાઇ છે જયારે ૧ હજાર ૯૮ પશુઓની સહાય ચુકવવાની કામગીરી ચાલી રહી છે. જયારે આંશિક પાકા મકાન, આંશિક

કાચા મકાન, ઝુંપડા સહાય, માનવ મૃત્યુ તથા માનવ ઇજામાં સહાય આપવાની કામગીરી પ્રગતિમાં છે.

-----------

## SOIL TESTING LABORATORY

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેન શંકર ચૌધરી થરાદમાં બનેલી બનાસ સોઇલ ટેસ્ટિંગ લેબોરેટરી અને બનાસ સેવ સોઇલ ફાર્મર પ્રોડ્યુસર કંપનીનું આવતીકાલે ઉદ્ઘાટન કરશે...જ્યારે ખીમાણા ખાતે બનાસ બાયોફર્ટિલાઇઝર રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ લેબોરેટરીનું ડિજિટલ ઉદ્ઘાટન પણ કરવામાં આવશે. જે અંતર્ગત આજે યોજાયેલી પત્રકાર પરિષદમાં શંકર ચૌધરીએ વધુ માહિતી આપી હતી..

**(બાઇટ - શંકર ચૌધરી, અધ્યક્ષ, બનાસડેરી)**

. . . . . . . . . . . . . . . .

## DOCTOR STIRKE

રાજ્ય સરકારના સ્ટાઇપન્ડ વધારાના વિરોધમાં આંદોલન કરી રહેલા રેસિડન્ટ અને ઇન્ટર્ન તબીબોને આવતીકાલ સવારે ૯ વાગ્યા સુધીમાં પોતાની ફરજ પર હાજર થવા રાજ્ય સરકારે ફરમાન કર્યું છે.

રાજ્ય સરકારે રેસિડન્ટ અને ઇન્ટર્ન તબીબોના સ્ટાઇપન્ડમાં વધારો કર્યો હતો, જેનો તબીબોએ વિરોધ કર્યો હતો. ૩૧મી ઓગષ્ટથી આ તબીબો હડતાળ ઉપર

ઉતર્યા છે. બીજે મેડિકલ કોલેજના ડીન અને નિયામક દ્વારા આ આદેશ અપાયો છે. જો આવતીકાલે સવારે આંદોલન કરી રહેલા તબીબો ફરજ પર હાજર નહીં થાય તો શિક્ષાત્મક પગલાં લેવાનું પણ આ પત્રમાં જણાવાયું છે.

. . . . . . . . . . . . . . . . .

## SEMI CONDUCTOR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટે કેનેસ સેમિકોન પ્રાઇવેટ લિમિટેડની ગુજરાતનાં સાણંદમાં સેમિકન્ડક્ટર યુનિટ સ્થાપિત કરવાની દરખાસ્તને મંજૂરી આપી હતી. 3,300 કરોડ રૂપિયાના રોકાણ સાથે સૂચિત એકમની સ્થાપના કરવામાં આવશે.

આ યુનિટની ક્ષમતા દરરોજ 60 લાખ ચિપ્સ હશે.આ યુનિટમાં ઉત્પાદિત ચિપ્સ વિવિધ પ્રકારની એપ્લિકેશનોને પૂરી પાડશે. જેમાં ઔદ્યોગિક, ઓટોમોટિવ, ઇલેક્ટ્રિક વાહનો, કન્ઝ્યુમર ઇલેક્ટ્રોનિક્સ, ટેલિકોમ, મોબાઇલ ફોન વગેરે જેવા સેગમેન્ટનો સમાવેશ થાય છે. ભારતમાં સેમિકન્ડક્ટર્સ અને ડિસ્પ્લે મેન્યુફેક્ચરિંગ ઇકોસિસ્ટમના વિકાસ માટેના કાર્યક્રમને 21મી ડિસેમ્બર 2021 ના રોજ નોટિફાઇડ કરવામાં આવ્યો હતો, જેમાં કુલ 76 હજાર કરોડ રૂપિયાનો ખર્ચ થશે. જૂન, 2023માં, કેન્દ્રીય કેબિનેટે ગુજરાતના સાણંદમાં સેમિકન્ડક્ટર યુનિટ સ્થાપવાની પ્રથમ દરખાસ્તને મંજૂરી આપી હતી.

-----------------------

## SHRAVAN SOMVAR + AMAS

પવિત્ર શ્રાવણ માસનો આજે અંતિમ સોમવાર અને સોમવતી અમાસના સુભગ સમન્વય સાથે પુર્ણાહુતી થઇ રહી છે.

રાજ્યભરના શિવાલયોમાં આજે ભક્તોએ શિવજીનાં દર્શનસ પૂજા, આરાધનાનો લાભ લીધો હતો. પ્રથમ જ્યોર્તિલીંગ સોમનાથ મહાદેવ ખાતે આજે ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું હતું. સોમનાથથી મંદિરનાં જનરલ મેનેજર વિજયસિંહ ચાવડાએ જણાવ્યું હતું કે આજે હજારો ભક્તોએ સોમનાથ દાદાના દર્શન કર્યા હતા.

(બાઇટ- વિજયસિંહ ચાવડા, જનરલ મેનેજર, સોમનાથમંદિર)

-----

## STATE ROAD REPAIRING - DISTRICT

રાજ્યમાં તાજેતરમાં પડેલા અતિભારે વરસાદને કારણે અનેક માર્ગો ધોવાઇ ગયેલા માર્ગોના મરામતનું કામકાજ પૂરજોશમાં ચાલી રહ્યું છે..

જે અંતર્ગત અમદાવાદ જિલ્લામાં ભારે વરસાદથી ખરાબ થયેલા રસ્તાઓમાંથી 56 કિલોમીટરના રસ્તાઓની મરામત યુદ્ધના ધોરણે પૂર્ણ કરાઈ છે. જિલ્લા કલેકટર પ્રવીણા ડી.કે.ના માર્ગદર્શનમાં ભારે વરસાદને લીધે ક્ષતિગ્રસ્ત થયેલા જિલ્લાના નાના-મોટા રસ્તાઓના રિપેરિંગ, રિ-સરફેસિંગ, મેટલવર્કની

કામગીરી થઇ રહી છે. જિલ્લાના ભારે વરસાદમાં ક્ષતિગ્રસ્ત થયેલા રસ્તાઓમાંથી અડધાથી વધુ રસ્તાઓનું રિપેરિંગ કાર્ય પૂર્ણ કરી દેવાયું.

જે અંતર્ગત  મોરબી જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા નુકસાન થયેલા મોરબીના ધુળકોટ-બાળગંગા-કોયલી રોડ, લગધીરપુરથી નેશનલ હાઇવે ને જોડતો રોડ, ટંકારા તાલુકાના સાવડીથી નેસડાને જોડતો રોડ, ગાળાથી શાપર, રવાપર નદીનો રોડ સહિત મહદ્અંશે તમામ માર્ગો પર મેટલ પાથરી, પેચ વર્ક કરી સહિતની કામગીરી તાત્કલિક સમારકામ હાથ ધરી વાહન વ્યવહાર પૂર્વવત કરી દેવામાં આવ્યો છે.

ખેડા જીલ્લામાં કુલ ૭૦ રસ્તાઓ ભારે વરસાદને કારણે બંધ થયા હતા. જે પૈકી હાલ ૬૦ થી વધુ રસ્તાઓ કાર્યરત થયા છે, અને બાકીના રસ્તા કાર્યરત કરવાની કામગીરી હાલ શરૂ કરવામાં આવી છે.

જેમાં, મહુધા સસ્તાપુર ખલાડી રોડ, મહોળેલ અલીન્દ્રા રોડ, તોરણીયા એપ્રોચ રોડ, કપડવંજના પાણીયારા ભાટેરા રોડ, નવાપુરા રોડ, નાયકા કલોલી રોડ, કાવઠ લોટીયા રોડ, માલ ઇતાડી દેવના મુવાડા રોડ, ગળતેશ્વરના અંઘાડી ચપાટીયા રોડ અને માતરના દેથલી માંઘરોલ રોડ, વસ્તાના હાંડેવા વાલોત્રી રોડની મરામત કામગીરી કરી રોડ પુનઃ કાર્યરત કરવામાં આવી રહ્યા છે.

અરવલ્લી જિલ્લાના માર્ગ અને મકાન વિભાગ પંચાયત દ્વારા પેચવર્ક સહિતની કામગીરી હાથ ધરી આંતરિક માર્ગો શરૂ કરાયા છે. વીસ રસ્તા બંધ હતા, ઓવર ટોપિંગ સ્ટ્રકચર ડેમેજના કારણે જે પૈકી દસ રસ્તા સમારકામ કરીને ચાલુ કરી દેવામાં આવ્યા છે. અન્ય રસ્તાઓની કામગીરી પ્રગતિમાં છે.

-------------